મુનિ શ્રી ઉત્તમવિજય વિરચિત

નવપદ પૂજા.

પરમપૂજ્ય પિતાશ્રી લખમીચંદ હીરાચંદ-
ના સ્મરણાર્થે

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. માણેકચંદ લખમીચંદ

અમળનેરવાલા.

માલેગાંમ,
'કલાપ્રકાશ' છાપખાનામાં
બાલચંદ હીરાચંદ ચાંદવડકરે છાપ્યું.

અમૂલ્ય.

मुनि श्री उत्तमविजयजी कृत

श्री नवपद पूजा.

દુહા.

શ્રી ગોડી પાસજી નિત નમું, સમરૂં શ્રી ગુરૂદેવ ॥
શ્રી જીનવાણી ચીત ધરી, કેહેશું નવપદ સેવ ॥ ૧ ॥
ચેતનમય નવપદ સદા, શુદ્ધાતમ ગુણ પોષ ॥
નવપદમે આતમ થયો, તવ હોએ ભાવનો મોક્ષ ॥ ૨ ॥
શિવપદ પ્રાપ્ત હેતુ છે, આતમ નિરમળ ભાવ ॥
એહીજ નિરમળ કારણે, નવપદ મુખ્ય જમાવ ॥ ૩ ॥
શ્રી સિદ્ધ ચક્રની સેવના, કરતા સમકિત શુધ્ધ ॥
બોધબીજ પામે ભવીક, અભિનવ ગુણને બુધ્ધ ॥ ૪ ॥
યદ્યપિ શક્તિ ન તેહવી, તદપિ ભક્તિને યોગ ॥
આતમ ગુણની પુષ્ટતા, કરવા ઉમહ્યો જોગ ॥ ૫ ॥
ગુણસાધક આતમ થયો, સાધન નવપદ ધ્યાન ॥
સાધન સાધક એકતા; પ્રગટે કેવળ નાણ ॥ ૬ ॥

પ્રથમ પૂજા.

નવઆત્રિયા પંચામૃત કળશ ભરી શ્રી સિદ્ધચક્રની સન્મુખ ઉભારહી જે જે પદની પૂજા થાય તે તે પદને અંતે અભીષેક કરે.

ઉપજાતી છંદ

જીયંતરંગારી ગણે સુઠાણે । સપ્પાડિહેરાઈસયપ્પહાણે ॥
સંદેહ સંદોહ રયં હરંતે । ઝાએહ નિચ્ચપિ જિણેરિહંતે ॥

ઢાળ

શ્રી સિમંધર સાહેબ આગે—એ દેશી

ત્રિજે ભવ વર થાનકતપ કરી, જેણે બાંધ્યું જીનનામ ।
ચોસઠ ઈંદ્રે પૂજિત જે જીન, કીજે તાસ પ્રણામરે ॥ ભવિકા ॥
સિદ્ધચક્ર પદ વંદો, જીમ ચિરકાલે નંદો, ઉપશમ રસનો કંદરે । સેવે ચોસઠ ઈંદ્રરે, પૂજીત હો ભવનો અંતરે ॥ ભવિકા ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥

જેહને હોય કલ્યાણુક દિવસે,
નરકે પણ અજુઆળું,
સકલ અધિકગુણુ અતિશય ધારી,
તે જીન નમી અઘ ટાળુંરે ॥ ભવિકા૦ ॥ ૨ ॥
જે તિહું નાણુ સમગ્ગ ઉપન્ના,

ભોગ કરમ ખીણુ જાણી,
લેઈ દિક્ષા શિક્ષા દિએ જનને,
તે જીન નમીએ નાણીરે ॥ ભવિક૦ ॥ ૩ ॥
મહાગોપ મહા માહણુ કહીએ,
નિરયામક સથ્થવાહ,
ઉપમા એહુળી જેહનં છાજે
તે જીન નમીએ ઉત્સાહુરે ॥ ભવિકા૦ ॥ ૪ ॥
આઠ પ્રાતિહારજ જસ છાજે,
પાંત્રીશ ગુણુ યુત વાણી,
જે પ્રતિબોધ કરે જગ જનને,
તે જીન નમીએ પ્રાણીરે ॥ ભવિકા૦ ॥ ૫ ॥
અરિહંતપદ ધ્યાતો થકો, દ્રવ્યગુણે પરજાયરે ॥
ભેદછેદ કરી આતમા, અરિહંત રૂપી થાયરે ॥
મહાવીર જીનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિતલાઈરે ॥
આતમ ધ્યાને આતમા, રિધીમળે સવી આઇરે ॥મ૦ ॥ ૬ ॥

દુહા સોરઠી.

અરીહંત દેવ અપાર ગુણુ, દોષ ગયા સવી દૂર ॥
ત્રિભુવનની પ્રભુતા થકી, આતમ આનંદ પૂર ॥ ૧ ॥
નમો નમો અરિહંતને, દેશના અમૃતધાર ॥
ભવ તાપાદિક ભેદવા, ભવિજનના હિતકાર ॥ ૨ ॥

ઢાળ

રંગેલા આતમા—એ દેશી

પેહેલે તે પદ અરીહંતનેરે,
પૂજો ભવી ગુણવંત ।
સુગુ ગુજીન સેવીએરે તીર્થંકર તીર્થંકરારે,
ત્રિપદી કહે ભગવંત ॥ સુ૦ ॥ ૧ ॥
બાર તે ગુણ અરીહંતનારે,
તેહમા પેહેલો અશોક ॥ સુ૦ ॥
બારગુણે જીન દેહથીરે,
ઊંચો ભય અશોક ॥ સુ૦ ॥ ૨ ॥
પંચવરણ શુધ્દ ફૂલનીરે,
વૃષ્ટી જાનુ સમાન ॥ સુ૦ ॥
પાત્રીશ વાણી ગુણે કરીરે,
દેશના જોજન માન ॥ સુ૦ ॥ ૩ ॥
ચામર ઢાલે પુરંદરારે
ચોત્રીસ જોડા સાર ॥ સુ૦ ॥
રત્નજડીત સીધ્દાસનેરે,
બેઠાં સોહીએ અપાર ॥ સુ૦ ॥ ૪ ॥
ભામંડલ કરે દેવતારે,
જીનતનુ કાંતીને લેઈ ॥ સુ૦ ॥
બારગુણે રવી તેજથીરે,
દીપે અધીક સનેહ ॥ સુ ॥ ૫ ॥

અયણુંગણુમાં ગડગડેરે,
દેવ દુંદુભી વાજીત્ર ॥ સુ ॥
ચંદ્રકીરણુસમ ઉજલારે,
શીરઉપર ત્રણ છત્ર ॥ સુ૦ ॥ ૬ ॥
અપાયાપગમ અતીશય ભલોરે,
શાંત અતીશય ઉદાર ॥ સુ૦ ॥
પૂજા અતીશય છે ભલોરે,
વચન અતીશય સફાર ॥ સુ૦ ॥ ૭ ॥
ઈત્યાદિક ગુણે દીપતારે,
તાર્યા નરને નાર ॥ સુ૦ ॥
શ્રી ગુરૂ સુમતિ વિજય તણોએ,
ઉત્તમ તે નિશિદીશ ॥ સુ૦ ॥ ૮ ॥

દુહો સોરઠી.

બારગુણે કરી બાહ્યથી, શોભે શ્રી જીનરાજ ॥
જ્ઞાનાદિક અંતરગુણે, તે પૂજો મહારાજ ॥ ૧ ॥

ઈતિ પ્રથમ પૂજા.

દ્વિતિય પૂજા.

ઉપજાતિ છંદ.

અઠ્ઠ કમ્મઠ્ઠ વરણુપ્પ મુક્કે,
અણુંત નાણુંાઇ સિરી ચઉક્કે ॥
સમગ્ગ લોગગ્ગ પયપ્પ સિધ્ધે,
પરપ્પઝાણેણુ સરેહ સિધ્ધે ॥ ૧ ॥

ઢાળ.

સમય પએ સંતર અણુફરસી,
ચરમ તેં ભાગ વિશેષ ॥
અવગાહન લેઈ જે શીવ પોહોતા,
સિદ્ધ નમો તે અશેષ રે ॥ ભવિકા૦ ॥ ૬ ॥
પૂર્વ પ્રયોગ ને ગતિ પરિણામે,
બંધન છેદ અસંગ ॥
સમય એક ઊરધ ગતિ જેહની,
તે સિધ્ધ સમરૂં રંગ રે ॥ ભવિકા૦ ॥ ૭ ॥
નિરમલ સિદ્ધશિલાની ઉપરે,
જોયણુ એક લોગંત ॥
સાદિઅનંત તિહાં સ્થિતિ જેહની,
તે સિદ્ધ પ્રણમો સંત રે ॥ ભવિકા૦ ॥ ૮ ॥
જાણે પણ ન શકે કહી પુરગુણ,

પ્રાકૃત તિમ ગુણ જાસ,
ઉપમા વિણુ નાણી ભવમાંહે,
તે સિદ્ધ દિયો ઊલાસ રે ॥ ભવિકા૦ ॥ ૯ ॥
જ્યોતિસુ જ્યોત મિલી જસ અનુપમ,
વિરમી સકલ ઉપાધી ॥
આતમરામ રમાપતિ સમરો,
તે સિધ્ધ સહેજ સમાધી રે ॥ ભવિકા૦ ॥ ૧૦ ॥

ઢાળ

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દરશન નાણી રે ॥
તે ધ્યાતા નિજ આતમા, હોય સિધ્ધ ગુણખાણી રે ॥ વીર૦ ॥ ૩ ॥

દુહો.

કરમ નિકદન મૂલથી, લોકાગ્રે જઈ સિધ્ધ ॥
અનંત ચતુષ્ટમઈ વિભો, પ્રગટી આતમ સિધ્ધ ॥ ૧ ॥

ઢાળ.

(નંદ સલુણા નદના રે લો—એ દેશી)

નમો સિધ્ધાણં બીજે પદે રે લો,
સિધ્ધ તે આઠ ગુણ સંપજે રે લો ॥
આતમ શુધ્ધ સ્વભાવથી રે,
પ્રગટ્યાં નિજગુણ ભાવથી રે લો ॥ ૧ ॥

કેવળજ્ઞાન અનંત છે રે લો,
દરશન કેવળ અનંત છે રે લો ॥
વેદની કર્મ ક્ષય કરી રે લો,
અવ્યા બાધ ગુણ ઉપનો રે લો ॥ ૨ ॥
મોહ મહામલ્લ ઘાતકી રે લો,
ક્ષાયક પ્રગટ્યો ભાવથી રે લો ॥
અક્ષય સ્થિતિ સિધ્ધ જાણી રે લો,
આયુ કર્મ ક્ષય માનીએ રે લો ॥ ૩ ॥
અરૂપી અવરણી અગધન્તા રે લો,
અરસી અફાસી સીધતા રે લો ॥
અગરૂ લઘુ ગુણ સાતમો રે લો,
ગોત્રક્ષએ એ આતમો રે લો ॥ ૪ ॥
વીર્ય અનન્તુ જે ભણ્યુ રે લો,
મે એમ ગુરૂમુખથી સુણ્યું રે લો ॥
સિધ્ધના આઠ ગુણ ભાવીએ રે લો,
ઉત્તમ નિજ ગુણ ફાવીએ રે લો ॥ ૫ ॥

દૂહો

આપ સરૂપી આતમા, એહીજ સિધ્ધ ભગવાન ॥
આતમશક્તીથી મુજ દીઓ, આતમ ગુણ ઉદાંત ॥૧॥

ઇતિ બીજી પૂજા

તૃતિય પૂજા.

ઉપજાતિ છંદ.

ન ત્તં સુહં દેઇ પીયાન માયા,
જં દંતી જીવાણી હસુરી પાયા ॥
તમાહુ તે ચેવ મયામહે હ,
જં મુખ સુખાઈ લહુ લહેહ ॥ ૧ ॥

ઢાળ.

પંચાચાર જે સુધા પાળે,
મારગ ભાખે માચો ॥
તે આચારજ નમીએ તેહસુ,
પ્રેમ કરીને જાચો રે ॥ ભવિકા૦ ॥ ૧૧ ।
વર છત્રીસ ગુણેં કરી સોહે,
જુગ પરધાન જગ મોહે ॥
જગ બોહે ન રહે ખીણુ કોહે,
સૂરિ નમો તે જોહે ॥ ભવિકા૦ ॥ ૧૨ ॥
નીત અપ્રમત્ત ધર્મ ઉવએસે,
નહી વિકથા ને કષાય ॥
તે આચારજ નમીએ તેહસ્યુ,
અકલુષ અમલ અમાય રે ॥ ભવિકા૦ ॥ ૧૩ ॥
જે દીએ સારણુ વારણુ ચોયણુ,
પડિચોયણુ વળી જનને ॥

પટધારી ગછથંભ આચારજ,
તે માન્યા મુનિમનને રે ॥ ભવિકા૦ ॥ ૧૪ ॥
અથમીએ જીમ સુરજ કેવળ,
ચંદો જે જગદીવો ॥
ભુવનપદારથ પ્રગટન પટુ તે,
આચારજ ચીરંજીવો રે ॥ ભવિકા૦ ॥ ૧૫ ॥

ઢાળ.

ધ્યાતા આચારજ ભલા,
મહામંત્ર શુભ ધ્યાને રે ॥
પંચપ્રસ્થાને આતમા,
આચારજ હોય પ્રાણી રે ॥ મહાવીર૦ ॥ ૪ ॥

દૂહો.

ધીરા ગછધુરંધરા, વેહેતા વૃષભ સમાન ॥
વંદો પટધારી સદા, દેતા સમકિત દાન ॥ ૧ ॥

ઢાળ.

કોઈ લો પરવત ધુધલો રે લો—એ દેશી.

આચારજ ત્રીજે પદે રે લો,
અપ્રમત્ત ગુણ ઠાણુ રે ॥ ભવિક જન ॥

૫૦૦૨

પૂજો પાપ નિકંદવા રે લો,
ભાખે જીનવર જાણુરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૧ ॥
પંચઈંદ્રીને સંવરે રે લો,
પંચ વિષય કરે ત્યાગરે ॥ ભવિ૦ ॥
નવવિધ બ્રહ્મધરે ખરા રે લો,
નવવાડે મહાભાગરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૨ ॥
ચાર કષાયને ગાલવા રે લો,
પાલે શુદ્ધ આચાર રે ॥ ભવિ૦ ॥
પંચ મહાવ્રત મંડતા રે લો,
નિરવેહેતા નિરધારરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૩ ॥
પંચ સુમતિ ત્રણ ગુપ્તીકા રે લો,
ધારે ગુણમણિ માલરે ॥ ભવિ૦ ॥
છત્રીસ છત્રીસ શોભતા રે લો,
જગ જનના રખવાલરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૪ ॥
પ્રતિરૂપાદિક ગુણવલી રે લો,
શોભે સદા સંતુષ્ટરે ॥ ભવિ૦ ॥
જૈનશાસન સુયશાકરા રે,
દીપે દેહ ગુણપુષ્ટરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૫ ॥
યુગપરધાન ગુણ ધારકા રે લો,
વંદો લબ્ધી ભંડારરે ॥ ભવિ૦ ॥
શ્રી સુમતિવિજય ગુરૂનામથી રે લો,
ઉત્તમ ને હીતકારરે ॥ ભવિ૦ ॥ આ૦ ॥ ૬ ॥

દુહા.

રાજા સમ તીર્થંકરા, અમાત્યસમ આચાર્ય ॥
અનુપમ ઉત્તમ ગણધરા, તે નીત પૂજે આર્ય ॥ ૧ ॥

ઇતિ તૃતિય પૂજા.

ચતુર્થ પૂજા.

ઉપજાતિ છંદ

સુતથ્થ સંવેગ મએ સુએણું,
સન્નીર ખીરામય સુએણું ॥
પીણુ તિ જે તે ઉવઝાય રાહે,
ઝાએહ નિચ્ચંપિ કય પસાએ ॥ ૧ ॥

ઢાળ.

દ્વાદશ અંગ સઝાય કરે જે,
પારગ ધારગ જાસ ॥
સૂત્ર અરથ વિસ્તાર રસિક તે,
નમો ઉવઝાય ઉલાસ રે ॥ ભવિ૦ ॥ ૧૬ ॥
અરથ સૂત્રને દાન વિભાગે,
આચારજ ઉવઝાય ॥

ભવત્રીજે લહે જે શીવસંપદ,
નમીએ તે સુપસાય રે ॥ ભવિ૦ ॥ ૧૭ ॥
મૂરખ શિષ્યને પાઈ જે પ્રભુ,
પાહણ પલ્લવ આણે ॥
તે ઉવઝાય સકલ જનપૂજીત,
સૂત્ર અર્થ સવી જાણે રે ॥ ભવિ૦ ॥ ૧૮ ॥
રાજકુમર સરીખા ગણ ચીંતક,
આચારજ પદ યોગ ॥
તે ઉવઝાય સદા તેં નમતા,
નાવે ભવભય સોગ રે ॥ ભવિ૦ ॥ ૧૯ ॥
બાવના ચંદન રસસમ વયણે,
અહીત તાપ સવીં ટાળે ॥
તે ઉવઝાય નમીજે જે વળી,
જીન શાસન અજુઆળે રે ॥ ભવિ૦ ॥ ૨૦ ॥

ઢાળ.

તપ સઝાએ રત સદા,
દ્વાદશ અંગના ધ્યાતા રે ॥
ઉપાધ્યાય તે આતમા,
જગબંધવ જગભ્રાતા રે ॥ મહાવીર૦ ॥ ૫ ॥

દુહો.

ચોથે પદ ઉવઝાય તે, નમો નમો ત્રણ કાલ ॥
ગણચિંતક ગુણગણ મઈ, જ્ઞાની પરમ દયાળ ॥૧॥

ઢાળ.

અષ્ટાપદ ગિરિજાત્રા કરણકું—એ દેશી.

સુત્રધર વંદો લાલ, સુત્રધર વાચક વંદો,
જંદીને આનંદો લાલ,
સુત્ર તણા જે રસીઆ સાચા,
અવીચલ આગમ વાચા ॥
જ્ઞાન વધારણ જાયા,
મુગતી મારગે નહી કાચા રે ॥ સુત્ર૦ ॥ ૧ ॥
પણવીસ ગુણમણી સદસ મહોદય,
નીરમલ મનવચકાયા ॥
નમે રે નમો ભવિ તે ઉવઝાયા,
નહી જેહને મન માયા રે ॥ સુત્ર૦ ॥ ૨ ॥
અંગ અગ્યારના શુદ્ધ ભણતા,
ચૌદ પુરવને ગણતા ॥
એ પચવીસ ગુણ પાઠકના જાણો,
જીમ ચીરકાલે માણો રે ॥ સુ૦ ॥ ૩ ॥
પુનમચંદ પેરે સૌમ્ય સદાઈ,
ક્રોધ ન આવે કદાઈ ॥

શિષ્ય મુનીને શિક્ષા દાઈ,
શુભ વાણી શુભ ઠાઈ રે ॥ સુ૦ ॥ ૪ ॥
એહવા પાઠક પુજી નીશદીન,
પાપ પંકને પરવાલો ॥
વાચક સુજસ ગુણે કરી માહલો,
શ્રી સુમતીવિજય ગુરૂ વાહલો રે ॥ સુ૦ ॥ ૫ ॥

દુહો.

નીલવર્ણું સોહે સહી, જેહવા નીરમલ રત્ન ॥
યુવરાજ્યસમ સોહતા, પૂજો પાઠક યત્ન ॥ ૧ ॥

ઇતિ ચતુર્થ પૂજા.

પંચમ પૂજા.

ઉપજાતિ છંદ.

ખંતેય દંતે અસુગુતી ગુતે,
મુતે પસંતે ગુણ જોગજુતે ॥
ગયપ્પ માએ હય મુહ માએ,
ઝાએહ નીચ્ચ મુણીરાય પાએ ॥ ૧ ॥

ઢાળ.

જીમ તરૂ પુલે ભમરો બેસે,
પીડા તસ ન ઉપાવે ॥
લેઈ રસ આતમ સંતોષે,
તીમ મુનિ ગોચરી જાએ રે ॥ ભવિકા૦ ॥ ૨૧ ॥
પંચ ઈંદ્રીને જે નીત જીતે,
ષટકાયક પ્રતિપાળ ॥
સંયમ સતર પ્રકાર આરાધે,
વંદુ તેહ દયાળ રે ॥ ભવિકા૦ ॥ ૨૨ ॥
અઢાર સહેંસ સીલ ગના ધોરી,
અચલ આચાર ચરિત ॥
મુનિ મહંત જયણાયુત વંદી,
કીજે જન્મ પવિત્ર રે ॥ ભવિકા૦ ॥ ૨૩ ॥
નવવિધ બ્રહ્મ ગુપ્તી જે પાળે,
બારસ વીદ્દુ તપ શુરા, ॥
એહવા મુનિ તે નમીએ જો પ્રગટે,
પુરવ પુણ્ય અંકુરા રે ॥ ભવિકા૦ ॥ ૨૪ ॥
સોના તણીપરે પરીક્ષા દીસે,
દીન દીન ચઢતે વાન ॥
સંજમ ખપ કરતા મુનિ નમીએ,
દેશકાલ અનુમાન રે ॥ ભવિકા૦ ॥ ૨૫ ॥

ઢાળ.

અપ્રમત્ત જે નિત રહે, નવી હરખે નવી સોચે રે ॥
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે ॥ ૧ ॥

દૂહો.

પંચમપદે જે લોકમાં, સાધુ શીરોમણી સાર ॥
જીનશાસનના ધારક, તે વંદો અણુગાર ॥ ૧ ॥

ઢાળ.

તું અલબેલો નંદનો રે લાલ. એ દેશી.
સતાવીસ ગુણ સાહનારે લાલ,
ભાવો નીરમળ ચીત્ત મુનિરાયા રે ॥
ષટ કાયાને પાળે પ્રાણથી રે લાલ,
પંચઇંદ્રી વશ કૃત્ય ॥ મુનિ૰ ॥ ૧ ॥
ભવિયણ વંદો ભાવસ્યું રે લાલ,
જીન મુક્તી દાતાર રે ॥ મુનિ૰ ॥
પંચમહાવ્રત ધારગા રે લાલ,
વારતા રાત્રી ભોજન ॥ મુનિ૰ ॥
જીત્યો ક્રોધ ક્ષમા ધરે રે લાલ,
મેલું નહી જસ મન ॥ મુનિ૰ ॥ ૨ ॥
ભ૰ પડીલેહણ બે ટંકની રે લાલ,
સાચવે ચોખે ચીત્ત ॥ મુનિ૰ ॥

કરણુની સીતરી સાચવે રે લાલ,
સંયમ માને વિત્ત ॥ મુનિ૦ ॥ ૩ ॥
ભ૦ ત્રિવીધ ત્રિવીધ પચખાણુથી રે લાલ,
હોય તે છ ડે સદાઈ ॥ મુનિ૦ ॥
વચન સાવદ્ય બોલે નહી રે લાલ,
કાયા ન અવધી લગાઈ ॥ મુનિ૦ ॥ ૪ ॥
ભ૦ લોભનો ક્ષોભ નવી કરે રે લાલ
તાઢ તાપ સહે મન શુધ ॥ મુનિ૦ ॥
ઉપસર્ગ મરણુ તકારે લાલ,
ખમે અપ્રતીબ ધ ॥ મુનિ૦ ॥ ૫ ॥
ભ૦ એ મુનિગુ ગુના સેવકા રે લાલ
કરે કર્મ ચકચૂર ॥ મુનિ૦ ॥
સાંધુ સુજસ ગુણુ બોલતા રે લાલ,
ઉપજે ઉત્તમ નૂર ॥ મુનિ૦ ॥ ૬ ॥
ભ૦ મુનિપદ વિણુ નવી મોક્ષ છે,
મોક્ષ તે આતમ સુખ ॥ મુનિ૦ ॥
તે કારણુ મુનિપદ વડુ,
પૂજો ભવી ગત દુ ખ ॥ મુનિ૦ ॥ ૭ ॥

ઇતિ પચમ પૂજા.

ષષ્ઠ પૂજા.

ઉપજાતિ છંદ.

જં દવ છકાએ સુસદ્દહાણં, તં દંસણં સવ્વ ગુણ પહાણં ॥
કુગ્ગાહ વાહી ઉચયં તીજેણ, જહા વિસુધેણ રસાયણેન॥૧॥

ઢાળ.

શુદ્ધ દેવગુરૂ ધર્મ પરીક્ષા,
સદ્દહણા પરીણામ ॥
જે પામીજે તેહ નમીજે,
સમ્યગ દર્શન નામ રે ॥ ભવિ૦ ॥ ૨૬ ॥
મલ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષયથી,
જે હોવે ત્રીવીધ અભંગ ॥
સમ્યગ દર્શન તેહ નમીજે,
જીનધરમ દઢ રંગ રે ॥ ભવિ૦ ॥ ૨૭ ॥
પંચવાર ઉપશમીય લહીજે,
ક્ષય ઉપશમ જે અસંખ્ય ॥
એકવાર ક્ષાયક તે સમકીત,
દર્શન નમીએ અસંખ્ય રે ॥ ભવિ૦ ॥ ૨૮ ॥
જે વીણુ નાણુ પ્રમાણુ ન હોવે,
ચારીત્ર તરૂ નવી ફળીઓ ॥

સુખ નીરવાણ ન જે વીણ લહીએ,
સમ્યક દરીસણ બળીઓ રે ॥ ભવિ૦ ॥ ૨૯ ॥
સડસઠ બોલે જે આલંકરીઓ,
જ્ઞાન ચારીત્રનું મૂળ ॥
સમકીત દરસણ તે નીત પ્રણમું,
શીવપંથે અનુકુલ રે ॥ ભવિ૦ ॥ ૩૦ ॥

ઢાળ.

શમ સંવેગાદીક ગુણા,
ખય ઉપશમ જે આવે રે ॥
દર્શન તેહીજ આતમા,
શું હોએ નામ ધરાવે રે ॥ મહા૦ ॥ ૭ ॥

દૂહો.

છઠ્ઠે પદ દર્શન કહ્યો, આતમ દરશન જેહ ॥
દર્શન મલના ક્ષય થકી, દર્શન રૂપ અછેહ ॥ ૧ ॥
સર્વ પદારથ પામીઆ, દર્શનવિણ એણે જીવ ॥
અબ દરશનમય આતમા, એહીજ ભવજલ દીવ ॥ ૨ ॥

ઢાળ.

(સાસય પડીમા અડસય માને—એ દેશી)

દર્શન ગુણને વંદોભવિજન,

વંદી પાપ નીકંદો રે, સમકીત ગુણખાણી ॥
દર્શન આતમ નીરમળ ચંદો,
દર્શન શીવતરૂ કંદો રે ॥ સમકીત૦ ॥ ૧ ॥
દુવીધ ભેદ કહ્યા જીનરાજે,
સહજ અધીક ગમ છાજે રે ॥ સમ૦ ॥
પંચભેદ વળી સમકીત કહીએ,
ચેતન ગુણને ગ્રહીએ રે ॥ સમ૦ ॥ ૨ ॥
ઉપશમ ક્ષાયોપસમકીત છેદક,
ક્ષાયક દરશન એક રે ॥ સમ૦ ॥
વેદક સાસ્વાદન પ્રતી ભેદે,
દર્શન ગુણ નવી છેદે રે ॥ સમ૦ ॥ ૩ ॥
સમ સંવેગ ત્રીજો નીરવેદ,
અનુકંપા આસ્તીક ભેદ રે ॥ સમ૦ ॥
મદહણાદીક સડસઠ ભાવો,
શુદ્ધ સ્વરૂપ જમાવો રે ॥ સમ૦ ॥ ૪ ॥
ભેદ અસંખ્ય હોય પરીણામી,
તરતમ જોગને પામી રે ॥ સમ૦ ॥
એહીજ દરશન મુજને હોજો,
ઉત્તમ શીવપદ દેજો રે, ॥ સમ૦ ॥ ૫ ॥
ગ્રંથી ભેદથી પામીઓ,
અપૂર્વ કરણ પરીણામ, ॥ સમ૦ ॥

તે સમકીતએ આતમા,
પૂજો ચેતન રામ ॥ સમ૦ ॥ ૬ ॥

ઇતિ ષષ્ટ પુજા

સપ્તમ પૂજા

નાણું પહાણું નય સીદ્ધ પૂકકં,
તત્ત્વ ઓહી કમયપસીધં ॥
ધરેહ ચીંતા વસએ કુરતં,
માણીક દીવો ન તમોહરંત ॥ ૧ ॥

ઢાલ

ભક્ષાભક્ષ ન જેવીણ લહીએ,
પેયઅપેય વીચાર ॥
કૃત્ય અકૃત્ય ન જે વીણ લહીએ,
જ્ઞાન તે સકલ આધારે ॥ ભવિ૦ ॥ ૩૧ ॥
પ્રથમ જ્ઞાન ને પછે અહીંસા,
શ્રી સીદ્ધાંતે ભાખી ॥
જ્ઞાનને વંદો જ્ઞાનમ નીંદો,
જ્ઞાનીએ શીવસુખ ચાખ્યુરે ॥ ભવિ૦ ॥ ૩૨ ॥
સકલ ક્રીયાનું મૂળજે શ્રદ્ધા,
તેહનું મૂળજે કહીએ ॥

તેં જ્ઞાને નીત નીત વદીજે,
તેહ વિના કહો કીમ રહીએરે ॥ ભવિ૦ ॥ ૩૩ ॥
પંચ જ્ઞાનમહે જેહ સદાગમ,
સ્વપર પ્રકાશક તેહ ॥
દીપકપરેં ત્રીભુવન ઉપકારી,
વળી જીમ રવિ શશિ મેહરે ॥ ભવિ૦ ॥ ૩૪ ॥
લોક ઉરધ્ધઅધ ત્રીર્યગ જ્યોતિષ,
વૈમનિક ને સિધ્ધ ॥
લોકાલોક પ્રગટ સવી તેહથી,
તેહ જ્ઞાને મુજ શુદ્ધરે ॥ ભવિ૦ ॥ ૩૫ ॥

ઢાલ

જ્ઞાનાવરણી કરમજે,
ક્ષય ઉપશમ જે થાયરે ॥
તો હોય એહીજ આતમા,
જ્ઞાન અબોધતા જાયરે ॥ મહાવીર૦ ॥ ૮ ॥

દૂહો,

જ્ઞાન દીપક જગમાં વડો,
મીટે મીથ્યાત્વ અંધાર ॥
આતમ જ્ઞાને નીત નમો,
હંસનુ ચરણ આધાર ॥ ૧ ॥

ઢાલ.

(મેર મેર મેર શાંતિપ્યારો સુણો–એ દેશી)

જ્ઞાન તે ભવીજન પ્યારો,
ગુણીજન, જ્ઞાનતે મુનિજન પ્યારો ॥
પ્યારો પ્યારો પ્યારો ગુણીજન જ્ઞાનતે ૦॥
ચેતનમય ગુણધારો ॥ ગુ૦ ॥
પુગ્ગલ અપ્પા જે કરે ન્યારો,
હંસ કને પયપરે ધારો ॥ ગુ૦ ॥ ૧ ॥
પંચ પ્રકારે જ્ઞાન પ્રકાશ્યો,
આતમ વીર્યે વાસો ॥ ગુ૦ ॥ ૨ ॥
મતિ શ્રુતિ અવધી જ્ઞાનપ્રમાણો,
મનપર્યવ મન આણો ॥ ગુ૦ ॥ ૩ ॥
કેવળજ્ઞાન તે પંચમ ધારો,
શીવરમણી ઊર હારો ॥ ગુ૦ ॥ ૪ ॥
મતિ શ્રૃતિ જ્ઞાન પરોક્ષ તે હોવે,
અક્ષ સમીપ તે જોવે, ॥ ગુ૦ ॥ ૫ ॥
અવધી મન પર્યવ ને કેવળ,
પ્રત્યક્ષ ભાવે નીરમળ ॥ ગુ૦ ॥ ૬ ॥
જ્ઞાનની ભક્તી કરો ભલી પ્રાણી,
પૂજો જીનવર વાણી ॥ ગુ૦ ॥ ૭ ॥
સુજસ મહોદય ગુણને વધાવો,
શ્રી સુમતિ વિજય ગુરૂધારો ॥ ગુ૦ ॥ ૮ ॥

સેવક ઉત્તમ ઇણીપરે બોલે,
નહીં કોઈ જ્ઞાનને તોલે ॥ ગુ૦ ॥ ૯ ॥

દૂહા.

રવી તે એકણુ ક્ષેત્રમાં, પરકાશે દ્રવ્યમાન ॥
જ્ઞાન ઉદય ત્રણુ લોકમે, પૂજો જ્ઞાન નીદાન ॥ ૧ ॥

ઇતિ સપ્તમ પૂજા.

અષ્ટમ પૂજા.

ઉપજાતી છંદ.

સુસંવરં મોહની રોહ સારં, પંચ પયારં વિગયાઈ યારં ॥
લોતરાણોગ ગુણ પવિત્તં, પાલેહુ નિચ્ચંપિ હુસચરિત્તં॥૧॥

ઢાળ.

દેશવિરતિ ને સર્વ વીરતી જે,
ગ્રહી યતીને અભીરામ ॥
તે ચારીત્ર જગત જયવંતો,
કીજે તાસ પ્રણામ રે ॥ ભવિ૦ ॥ ૩૬ ॥
તૃણુપરે જે ષટ્ખંડ છાંડી,
ચક્રવર્તીપણુ વરીઓ ॥

તે ચારીત્ર અખય સુખ કારણુ,
તે મે મનમાં ધરીએ રે ॥ ભવિ૰ ॥ ૩૭ ॥

હુઆ રાંકપણે જે આદરી,
પૂજીત ઈંદ નરીદ ॥
અશરણુ સરણુ ચરણુ તે વંદું,
પૂર્યો જ્ઞાન આનંદ રે ॥ ભવિ૰ ॥ ૩૮ ॥

બારમાસ પરજાય જેહને,
અનુત્તર સુખ અતિક્રમીએ ॥
શુકલ શુકલ અભીજાત્ય તે ઉપરે,
તે ચારીત્રને નમીએ રે ॥ ભવિ૰ ॥ ૩૯ ॥

ચય તે આઠ કરમનો સંચય,
રીક્ત કરે જે તેહ ॥
ચારીત્ર નામ નીરૂકતે ભાખ્યું,
તેહ વંદુ ગુણુ ગેહ રે ॥ ભવિ૰ ॥ ૪૦ ॥

ઢાળ.

જાણુ ચારીત્ર તે આતમા,
નીજ સ્વભાવમાં રમતા રે ॥
લેશ્યા શુદ્ધ અલકર્યો,
મોહવ ને નવી ભમતા રે ॥ મહા૰ ॥ ૯ ॥

દૂહો.

સતરભેદ સંજમ તણા, સંજમ આતમરૂપ ॥
આશ્રવ સંવર ભજી, મુંદો ભવભય કૂપ ॥ ૧ ॥
સંસારી દુઃખથી રહીત, રેહેતા આત્મ સમાધ ॥
ઇંદ્રાદિક સુખથી અધીક, આત્મરમણ નીરાબાધ ॥ ૨ ॥

ઢાળ—રાગ ગોડી.

શ્રી શ્રેયાંસ જીન અંતર જામી—એ દેશી.

ચારીત્ર વંદો સંત સનેહા,
મુનિ સાધે મુજને હારે ॥
સતરે ભેદે સંજમ મનધારો,
જીમ આવે ભવઆરો રે ॥ ચારી૦ ॥ ૧ ॥
આશ્રવ પચનો ત્યાગ વખાણો,
સંવર દિલમાં આણો રે ॥
પંચ ઈંદ્રીની ચલતા ટાળો,
મુકો ડાક ડમાલો રે ॥ ચારી૦ ॥ ૨ ॥
ચાર કષાયનો કદ તે કાઢો,
મુકો માયાનો રાઢો રે ॥
દંડ ત્રીકનો કરો નીવેડો,
પામો ચરણુને મેઢો રે ॥ ચારી૦ ॥ ૩ ॥
ચક્રવર્તીપણુ ષટ ખંડ છાંડી,

સંયમશું રઢ માંડે રે ॥
ભવસ્થિતી પાકે તીમ ભવપામી,
હોય તે ચારીત્ર નામી રે ॥ ચારી૦ ॥ ૪ ॥
ચારીત્ર ગુણુ લીના નહીં દીના,
વંદો પ્રાણી પ્રવીણા રે ॥
શ્રી ગુરૂ સુમતીવીજયનો સેવક,
ઉત્તમ ગુણુરસ પીનો રે ॥ ચારી૦ ॥ ૫ ॥

દુહો.

ભવવાસી દાસીપરે, દૂર કર્યાં સવી દોષ ॥
પૂજો ચેતન ગુણુ ચરણુ, આતમ નીરમળ પોષ ॥ ૧ ॥

ઇતિ અષ્ટમ પૂજા.

નવમ પૂજા.

ઉપજાતિ છંદ.

અજંત હાભેંતર ભેદમેયં,
કયાઇ દુભ્યે અકુ કમ્મરાણું ॥
દુઃખં ખયં તં કયપાવનાસં,
તવં તનેહા ગમીઅ નીરાસં ॥ ૧ ॥

ઢાળ.

જાણુંતા તીહું જ્ઞાને સંચુત,
તે ભવ મુગતી જીણુંદા
જેહુ આદરે કર્મ ખપેવા,
તે તપ શીવતરૂ કદ રે ॥ ભવિ૦ ॥ ૪૧ ॥
કર્મ નિકાચીત પીણુ ક્ષય જાવે,
ક્ષમા સહીત જે કરતાં ॥
તે તપ નમીએ જેહુ દીપાવે,
જીનશાસન ઉજમંતા રે ॥ ભવિ૦ ॥ ૪૨ ॥
આમોસહી પમુહા બહુ લધી,
હોવે જાસ પ્રભાવે ॥
અષ્ટ મહાસીદ્ધી નવનીધી પ્રગટે,
નમીએ તે તપ ભાવે રે ॥ ભવિ૦ ॥ ૪૩ ॥
ફલ શીવસુખ મોટું સુર નરવર,
સંપતી જેહનું ફૂલ ॥
તે તપ સુરતરૂ સરીખો વંદુ,
સમ મકરંદ અમૂલ રે ॥ ભવિ૦ ॥ ૪૪ ॥
સર્વ મંગલમાહે પેહેલું મંગલ,
વરણવીએ જે ગ્રંથે ॥
તે તપપદ ત્રીહું કાલ નમીજે,
વર સહાય શીવપથ રે ॥ ભવિ૦ ॥ ૪૫ ॥

ઢાળ.

ઈચ્છા રોધે સંવરી,
પરિણુતી સમતા જોગ રે ॥
તપ તે એહીજ આતમા,
વરતે નિજ ગુણુ ભોગે રે ॥ મહાવીર૦ ॥ ૧૦ ॥

દુહો.

વસ્તુ અસાધ્ય સાધે સહી, વિઘન વિદારણ તેહ ॥
તે તપ વંદે ભવિજના, ચેતન ગુણુ સંકેત ॥ ૧ ॥

ઢાળ.

નમોરે નમો શ્રી શેત્રુંજય ગિરિવર—એ દેશી.

બારસ ભેદે તપ પરકશ્યો,
શ્રી જીનઆણા શુદ્ધ રે ॥
ષટ્ અંતર ષટ બાહીર કરીને,
થાએ ચેતન શુદ્ધ રે ॥
વંદોરે વંદો તપ ગુણ ભાવે,
જીમ ફરી ભવમાં નાવો રે ॥ ૧ ॥
અણુસણુ ઉણોદરતા જાણો,
વ્રત સંક્ષેપ પ્રમાણો રે ॥

રસત્યાગો વલી કાયકીલેસો,
છઠો સંલીનતા આણો રે ॥ વંદો રે૦ ॥ ૨ ॥
અભ્યંતર પ્રાયચ્છીતને વારો,
વિનય અધીક ગુણધારો રે ॥
વૈય્યાવચ્ચ ગુરૂદેવની કરતો,
સઝાય શુધ મન ધરતો રે ॥ વંદો રે૦ ॥ ૩ ॥
ધ્યાન તે ત્રીકરણ યોગ સમારી,
કાઉસગ તનુ થીર કારી રે ॥
એ અભ્યંતર તપને સેવો,
પામો મુગતીનો મેવો રે ॥ વંદો રે૦ ॥ ૪ ॥
કર્મ વીદારણ કારણ વંદો,
જીમ ચીરકાલે નંદો રે ॥
શ્રી ગુરૂ સુમતિ વિજયનો સેવક,
ઉત્તમ આનંદ કંદો રે ॥ વંદો રે૦ ॥ ૫ ॥

દુહો.

તીર્થંકર પણ સેવીઓ, ઘાતી કર્મ ક્ષય હેત ॥
પૂજો લબ્ધી નિધાન ગુણ, શિવસુખ પ્રાપ્તિ સંકેત ॥ ૧ ॥

ઇતિ નવમ પૂજા.

કળશ.

ઉપજાતિ છંદ

એ આઈજે કે વિહુ સપયાઈ, આરાહીયતિઠ ફલપયાઇ ॥
લહુતિ તે સુખ પરંપરાણું, શ્રી શ્રીપાલ સરેસ રૂવ ॥૧॥

ઢાળ.

ઈમ નવપદ થુણતો તિહા લીનો,
હુઓ તન્મય શ્રીપાળ ॥
સુજસ વિલાસે ચોથે ખંડે,
એહ અગ્યારમી ઢાળ રે ॥ ભવિ૦ ॥ ૪૬ ॥

ઢાળ.

આગમ નો આગમ તણો,
ભાવ તે જાણો સાચો રે ॥
આતમ ભાવે રે થીર હોજો,
પરભાવે મત રાચો રે ॥ મહા૦ ॥ ૧૧ ॥
અષ્ટ સકલસ મૃદ્ધીની,
ઘટમાંહે રીધી દાખી રે ॥
તિમ નવપદ રીધી જાણુજો,
આતમ રામ છે સાખી રે ॥ મહા૦ ॥ ૧૨ ॥

જોગ્ય અસંખ્ય તે જીન કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે ॥
એહ તણે અવિલંબને,
આતમધ્યાન પ્રમાણો રે ॥ મહા૦ ॥ ૧૩ ॥
ઢાળ બારમી એહવી,
ચોથે ખડે પૂરી રે ॥
વાણી વાચક જસ તણી,
કોઈ નયે ન અધૂરી રે ॥ મહા૦ ॥ ૧૪ ॥

રાગ—ધનાશ્રી.

પૂજો પૂજો રે ભવિ ગુણ નવપદને પૂજો
એ નવપદનું ધ્યાન કરત ॥
કર્મ અરીને ઝુંઝો રે,
ભવિ નવપદ ગુણને પૂજો ॥ ૧ ॥
નવપદ પૂજાથી સુખ હોવે,
દુખ દોહગ સવિ જાએ ॥
સાને ઈત સમે સવી એહથી,
ઘર ઘર મંગલ થાએ રે ॥ ભવિ૦ ॥ ૨ ॥
જયજયકાર હોએ સવી જગમે,
નામથી નવનીધી પામે ॥
પુત્રાદિક પરીવાર વધે સવી,
શુદ્ધ જે નવપદ ગાવે ॥ ભવિ૦ ॥ ૩ ॥

શ્રી જીનશાસન સુરતરૂ છાયા,
પામીને સુખભર રહીએ ॥
અનુભવ શાંત સુધારસ ઝીલી,
નિજ શક્તીથી રહીએ રે ॥ ભવિ૦ ॥ ૪ ॥
શ્રીં વીજય ધર્મ સુરિસ્વર રાજે,
શ્રી નવપદ ગુણુ ગાયા ॥
શ્રદ્ધ વંત જે ભક્તિ ઉલાસે,
શ્રાવકને સુખદાયા રે, ॥ ભવિ૦ ॥ ૫ ॥
સંવત ગજ (૮) વિધુ (૧) ત્રીંસને વરસે
શુદ શ્રાવણ સુખકારી ॥
શ્રી ગીરૂઓ પાસ પસાએ રચના,
કીધી ભવિજન પ્યારી રે ॥ ભવિ૦ ॥ ૬ ॥
ગુરૂ શ્રી સુજસવિજય વર વાચક,
શ્રી ગુણ વિજય વડ શીષ્ય ॥
શ્રી ગુરૂ સુમતિ વિજયવર સેવક,
ઉત્તમ વિજય જગીસ રે ॥ ભવિ૦ ॥ ૭ ॥

ઇતિ શ્રી નવપદપૂજા સંપૂર્ણ.

તપ	સિદ્ધ	દર્શન
સાધુ	અરિહંત	આચાર્ય
ચારિત્ર	ઉપાધ્યાય	જ્ઞાન

